ગાંધીનગર સમાચાર

# જન્મદિને વધામણી



કે બી ઠાકોર
મો. ૯૯૭૪૧ ૪૧૩૮૨



જ્યોત્સનાબેન દિનેશકુમાર પરમાર
મો. ૯૨૨૮૮ ૮૨૩૪૮



પ્રાચી સંજયકુમાર શાહ
મો. ૯૭૧૨૯ ૪૪૭૩૧



હિમાંશી કમલેશકુમાર શ્રીમાળી



માહી ભરતભાઈ સોલંકી
મો. ૯૯૨૪૩ ૮૨૯૨૩



જૈમિન એસ પટેલ
મો. ૯૪૨૭૩ ૦૮૩૦૫

## ‘આર્ષ’ શોધ સંસ્થાન દ્વારા હરિમંદિર, અક્ષરધામ ખાતે આજે “હોમિયોપથી: એક અદ્‌ભુત ચમત્કારી વિજ્ઞાન” વિષયે પ્રવચન

### હોમિયોપથી ઔષધો દ્વારા કેટલાય દર્દીઓને રોગ મુક્ત કરીને જીવનનો આનંદ ભોગવતા કર્યા છે એવા કુશળ નિષ્ણાત ડૉ. પંકજભાઈ દરજી પ્રવચન આપશે

ગાંધીનગર, તા. ૨૪

વર્ષોથી માનવી પોતાના સ્વાસ્થ્યને માટે ઝઝુમી રહ્યો છે અને તેને લઈને અત્યાર સુધીમાં આરોગ્યને લગતી જુદી જુદી શોધો થતી રહી છે. અત્યારે આપણે જોઈએ કે આરોગ્યને સારૂ રાખવા માટે અલગ અલગ પદ્ધતિઓ લોકો અપનાવે છે. જેમ કે, અલોપથી, હોમિયોપથી, આર્યુવેદિક, યુનાની, નેચરોપથી વગેરે. જેમાં હોમિયોપથી એક સંપૂર્ણ શાસ્ત્રીય ઉપચાર પદ્ધતિ છે એમાં કોઈ શંકાને સ્થાન નથી. કારણ કે,હોમિયોપથીના સૂક્ષ્મ શાસ્ત્રીય ઔષધો દ્વારા શરીરમાંના વિજાતીય વિષોનું જીવનપોષક અમૃતમાં રૂપાંતર કરી આપે છે.

હોમિયોપથીની આશ્ચર્યકારક રોગનિવારણશકિત વિષેની અપૂરતી માહિતીને કારણે લોકોમાં ગેરસમજૂતી પ્રવર્તે એ સ્વાભાવિક છે. અને આને પરિણામે હોમિયોપથીનો લાભ જોઈએ તેટલો પ્રજા લઈ શકી નથી એ હકીકત છે. હોમિયોપથીનું ચલણ દિવસે ને દિવસે વધતુ જાય છે જેને લઈને દર્દીઓનાં શરીરને આડ-અસર પણ ઓછી થાય છે.

જે જિજ્ઞાસુ છે, ઉપચાર પદ્ધતિઓ વિષે મુકત અને પૂર્વગ્રહરહિત વિચાર કરવામાં માનનારા છે તેમને આ પ્રવચન અનેરી પ્રેરણા આપનારું નીવડશે અને હોમિયોપથીનો આશ્રય લેવા અને પરિણામે કાયમી આરોગ્ય પ્રાપ્ત કરવા પ્રેરશે. પરિણામે મધ્યમ વર્ગના માનવીઓ ખોટા ખર્ચા અને બિનજરૂરી વાઢકાપમાંથી ઊગરી જશે અને આરોગ્યના સાચા, સહેલા અને સસ્તા રાજમાર્ગે ચઢી શકશે.

જેમને હોમિયોપથીના વિશાળ અનુભવપૂર્ણ જ્ઞાનથી હોમિયોપથી ઔષધો દ્વારા કેટલાય દર્દીઓને રોગ મુકત કરીને જીવનનો આનંદ ભોગવતા કર્યા છે એવા એક કુશળ નિષ્ણાત ડૉ. પંકજભાઈ દરજી, આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળા પ્રવચન-૭૯ના“હોમિયોપથી: એક અદ્‌ભૂત ચમત્કારી વિજ્ઞાન” વિષય પર તા.૨૫-૦૩-૨૦૧૭ શનિવારના રોજ સાંજે ૪-૩૦ થી ૭-૦૦ કલાકે અક્ષરધામ હરિમંદિરના સભાગૃહ સેક્ટર-૨૦ ખાતે વક્તવ્ય આપનાર છે. આ પ્રવચનનો લાભ લેવા સુજ્ઞ નાગરિકોને પધારવા આર્ષ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## વિશ્વ જળ દિવસ નિમિત્તે બીબીએ કૉલેજ તેમજ ‘ગેમી’ના સંયુક્ત ઉપક્રમે ગંગા નદીને બચાવવા જન જાગૃતિ અભિયાન



કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી કોલેજ ઓફ બીજનેસ એડમીનીસ્ટ્રેશન (બી.બી.એ.) ખાતે ગવર્મેન્ટ એન્વારમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ ‘ગેમી’ના સહયોગ થી ભારતની પૌરાણિક દ્રષ્ટિએ તેમજ વિસ્તારની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ તેવી ગંગા નદીની જાળવણી માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો. જેમાં ગેમી સંસ્થા તરફથી શાંકી ભટ્ટ તજજ્ઞ તરીકે આવ્યા હતા. કાર્યક્રમ માં બીબીએ ના ૯૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોલેજ તરફ થી ડો. જયેશ તન્ના દ્વારા ગેમીના પ્રતિનિધિઓનું સ્વાગત કરાયું હતું તેમજ સમગ્ર વર્કશોપ બાબતે માર્ગદશન પણ આપવામાં આવ્યું હતું. ગેમીના તજજ્ઞ દ્વારા વિદ્યાર્થીઓ ને પર્યાવરણ ની જાળવણી તેમજ ભારત ની તમામ નદીઓ ની જાળવણી અને તેનું સમગ્ર માનવજાત માટે રહેલું અનેરું મહત્વ સમજાવ્યું હતું. તેની સાથે સાથે તેમણે વિડીયો પ્રેજન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને વારાણસી તેમજ અન્ય શહેરો માં થઈ રહેલા પ્રદુષણ બાબતે માહિતી આપી હતી, ભારતની ભવ્ય વિરાસતને જાળવવા વિદ્યાર્થીઓને જાગૃત કાર્ય હતા તેમજ તેમનો સહયોગ માંગ્યો હતો. સાથે સાથે તેમણે પ્રદુષણ થી આપણે સમગ્ર પૃથ્વીના વાતાવરણ ને કેટલું દુષિત કર્યું છે, તેનાથી આવનારા દિવસોમાં ગ્લોબલ વૉર્મિંગની સમસ્યા વિકટ બનશે, તેનાથી સમગ્ર જીવ સૃષ્ટિને નુકશાન પહોંચશે તેમ જણાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓ ને ગંગા નદી નું ઉદભવ સ્થાન ગંગોત્રી વિષે માહિતી આપી હતી. તેમજ ત્યાંના સ્વચ્છ અને નિર્મળ પાણી ને બાબતે માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર વિષય ની તલસ્પર્શી માહિતી આપ્યા બાદ આ વિકરાળ સમસ્યાને સૌ ભેગા મળી ને દુર કરી શકીએ તેના ઉપાયો બાબતે વિચાર વિમર્શ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ કોલેજ ના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિના માર્ગદશનથી ડો. જયેશ તન્ના તેમજ કોલેજ પરિવાર દ્વારા સંપન્ન કરાયો હતો.

## ડાયરેક્ટ ❤ સે

આજે પડછાયાને પૂછ્યું,
કેમ આવે છે મારી સાથે ?
એણે હસીને કહ્યું,
બીજું કોણ છે તારી સાથે ?

## મલય મુખર્જીની જીઆઈપીએસ સાથે મુલાકાત

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે આજે આયોજિત સેમિનારમાં પશ્ચિમ બંગાળના જાણીતા પર્વતારોહક મલય મુખર્જી ઉપસ્થિત રહ્યા હતા.

ઍવરેસ્ટ સર કરનાર પર્વતારોહક તરીકે જાણીતા મલય મુખર્જીએ સાહસ, તાલીમ, મનોબળથી જ સિદ્ધિ મળે છે એવી શીખ વિદ્યાર્થીઓને આપી હતી. પોતાના પ્રવચન સાથે ચિત્ર પ્રદર્શન દ્વારા પોતે કેવી રીતે માઉન્ટ ઍવરેસ્ટ સર કર્યો તેની સૂક્ષ્મ ઝાંખી પણ આપી હતી. જીઆઈપીઍસ પરિવારના વિદ્યાર્થીઓને આ સાહસિક વ્યક્તિની મુલાકાતથી અભિપ્રેરણ પ્રાપ્ત થયું હતું.







સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડીનો ૫૪મો વાર્ષિકોત્સવ તથા તેજસ્વી તારલાઓને પારિતોષિક વિતરણ સમારોહ યોજાઈ ગયો.

શ્રી ઍમ.પી. શાહ ઍજયુકેશન સોસાયટી કડી, સંચાલિત સી.એન.આર્ટસ એન્ડ બી. ડી.કૉમર્સ કૉલેજનો ૫૪મો વાર્ષિકોત્સવ શ્રી ઍમ. પી. શાહ ઍજયુકેશન સોસાયટી, કડીના મંત્રી દેવાંગભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને રોજ યોજાઈ ગયો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ભરતભાઈ મોદી (ભૂ. પૂ. ગવર્નર લાયન્સ ક્લબ ઓફ ગુજરાત), કનુભાઈ પટેલ (પ્રમુખ, કડી નગરપાલિકા, કડી), જશુભાઈ કંદોઈ (પ્રમુખ, ભૂ. પૂ. વિદ્યાર્થી મંડળ, આર્ટસ એન્ડ બી. ડી.કૉમર્સ કૉલેજ) ઉપસ્થિત રહ્યા હતા.

સમારંભના આરંભે વિદ્યાર્થીનીઓ દ્વારા ગણેશવંદના રજૂ થઈ. ઉપસ્થિત મહેમાનોએ દીપ પ્રાગટ્ય દ્વારા સમારંભને ખુલ્લો મૂક્યો. કૉલેજના પ્રિન્સિપાલ જી. ડી. ત્રિપાઠીએ સમારંભમાં ઉપસ્થિત મહેમાનોનું સંસ્થા પરિવાર વતી શાબ્દિક સ્વાગત કર્યું હતું. કૉલેજ દ્વારા સર્વ મહેમાનોનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ગુજરાતીના પ્રૉફેસર ડૉ. જી. સી. સોઢા દ્વારા કૉલેજનો વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. સમારંભમાં કૉલેજના સાંસ્કૃતિક વિભાગ દ્વારા જૂદી-જૂદી વીસ જેટલી ઈવેન્ટ રજૂ કરવામાં આવી હતી. મહેમાનો દ્વારા એન.સી.સી., એન.એસ. એસ., શારીરિક શિક્ષણ અને શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ દેખાવ કરનાર તેજસ્વી તારલાઓને શિલ્ડ અને સર્ટિફિકેટ આપીને સન્માનવામાં આવ્યા હતા. આ સમારંભમાં અતિથિવિશેષ પદે શ્રી એમ.પી.શાહ એજયુકેશન સોસાયટીના ઉપપ્રમુખ જ્યંતિભાઈ બી. શાહ, મંત્રી નલીનભાઈ શાહ તથા અશ્વિનભાઈ પરીખ અનેકડી નગરપાલિકાના ઉપપ્રમુખ હીનાબેન એસ. ખમારે ખાસ ઉપસ્થિત રહીને કાર્યક્રમને શોભાવ્યો હતો. દાતા અનસૂયાબેન ભોગીલાલ પરીખ દ્વારા વિદાયમાન સર્વે વિદ્યાર્થીઓને આર્શીવચન પાઠવવામાં આવ્યાં હતાં. શ્રી એમ.પી.શાહ એજયુકેશન સોસાયટીના કારોબારી સભ્ય જયદીપભાઈ ભ્રહમભટ્ટ, રાજુલભાઈ પરીખ, અબ્દુલભાઈ દલાલ તથા કડી નગરપાલિકાના સભ્ય અલ્પાબેન આચાર્ય તથા નવ ગુજરાત બટાલિયનના સુબેદાર મહિપાલસિંહની વિશેષ ઉપસ્થિતિ પ્રેરણાદાયી બની રહી. કૉલેજનો સંપૂર્ણ વાતાનુકૂલિત ઓડિટોરિયમ હૉલ વાલીઓ, વિદ્યાર્થીઓ અને દર્શકોની ભીડથી સંપૂર્ણ ભરાઈ ગયો હતો અને ઉપસ્થિત સર્વેએ સાંસ્કૃતિક કાર્યક્રમ સહિત ઈનામ વિતરણના કાર્યક્રમને મન ભરીને માણ્યો હતો. સમગ્ર કાર્યક્રનું સંચાલન ગુજરાતીના પ્રૉફેસર ડૉ. જે.એમ.ચાવડા તથા અંગ્રેજીના પ્રૉફેસર ડૉ સી. ડી. ધંધુકિયાએ સંયુક્ત રીતે કર્યું હતું. આભારવિધિની વાઈસ પ્રિન્સિપાલ પ્રૉ. આઈ.બી. પટેલે કરી હતી.

# વિશ્વ રંગભૂમિ દિને અમર શહીદોને સલામી અપાશે



## રંગબહાર કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા રાજેન્દ્ર ભગત લિખિત અને કુંતલ નિમાવત દિગ્દર્શિત નાટક ‘સહુનો લાડકવાયો’ના માધ્યમથી દેશના શહીદો પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી પ્રગટ કરવામાં આવશે

અમદાવાદ, તા. ૨૪

અમદાવાદ શહેર આ વખતે વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી શહીદોને સલામી આપીને કરશે. દેશની રક્ષા કાજે પોતાના પ્રાણોનું બલિદાન આપીને અમર થઈ ગયેલા શહીદો પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી આ પ્રસંગે પ્રગટ કરવામાં આવશે.

તારીખ ૨૬ માર્ચ ને રવિવારે સવારે ૧૧.૦૦ કલાકે હિરક મહોત્સવ હૉલ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે આયોજિત “સહુનો લાડકવાયો” નાટકના માધ્યમથી રંગબહાર કલ્ચરલ ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા ગૂજરાત વિદ્યાપીઠના સહયોગથી શહીદો પ્રત્યે શ્રદ્ધાંજલીની આ જ્યોત પ્રગટાવવામાં આવી રહી છે. થિયેટર અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે વિશ્વકક્ષાએ નામનાપ્રાપ્ત ગુજરાતના ગરવા કલાકાર રાજેન્દ્ર ભગત દ્વારા આ નાટકનું નિર્માણ, લેખન અને નાટ્ય, લેખન તથા ઉદઘોષણાના ક્ષેત્રમાં રાજ્ય સરકારના માન્યતા પ્રાપ્ત કલાકાર કુંતલ નિમાવત દ્વારા આ નાટકનું દિગ્દર્શન કરવામાં આવ્યું છે.

“સહુનો લાડકવાયો” નાટકમાં શહાદતની સલામેકાબિલ વાત તો કરવામાં આવી જ છે, ઉપરાંત યુદ્ધની ઘૃણાસ્પદ માનસિકતા ઉપર ચાબખા પણ મારવામાં આવ્યા છે. માનવીય મૂલ્યોની સંવેદી લાગણીશીલતા અને જીવનની વાસ્તવિક કરૂણાંતિકા વચ્ચેના દ્વંદ્વનું સંતુલિત ચિત્રણ આ નાટકમાં કરાયું છે.

ચીન, પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ઘેરાયેલી ભારતની ઉત્તર સીમા શિયાચીનની પૃષ્ઠભૂમિ ઉપર આ નાટક રચાયું છે. દરિયાઈ સપાટીથી ૮૦૦૦ મીટર ઊંચે, કારાકોરમ વિસ્તારમાં હાડ થીજાવી નાખતી માઈનસ ૪૦ ડિગ્રી ઠંડી અને અસ્તિત્વને હલબલાવી નાખતી એકલતા વચ્ચેય દેશના સન્માનનીય સૈનિકો પોતાની ફરજ અચૂકપણે નિભાવે છે એ ગરવી વાત અહીં અસરકારક રીતે રજૂ કરવામાં આવી છે. જીવન ટકાવી રાખવુંય જ્યાં દોહ્યલું છે એવા વિષમ વાતાવરણમાં શારીરિક, માનસિક તકલીફો વેઠતા સૈનિકો પોતાની નજર સમક્ષ પોતાના સાથીઓને મરતાં જુએ છે, માનસિક સંતુલન ગુમાવીને પાગલ થતાં જુએ છે તો ક્યારેક કપરી વાસ્તવિકતા સામે ઝઝૂમીને આત્મહત્યા કરતાં પણ જુએ છે. અને ત્યારે આ સૈનિકોનાં મનમાં એક જ સવાલ ઘૂંટાયા કરે છે, આખરે આ યુદ્ધ શા માટે ?

કલાક્ષેત્રની ઉજળી આવતીકાલ સમા નાટ્યપ્રેમી યુવા કલાકાર ડેનિસ ભદોરિયા, જયેશ શ્રોત્રિય, શિવમ મેવાડા, ધૃવિલ સેન, યશ જોશી, જિજ્ઞેશ શાહ, સંકેત પટેલ, હર્ષ પ્રજાપતિ, કૃપા ઠક્કર અને હેમાક્ષી રાવલ ઉપરાંત ગાંધીનગર શહેરના કલાકાર મૌન સાધુ, પ્રતીક હિરપરા, કરણ રાજવીર અને કુંતલ નિમાવત આ નાટકમાં અભિનયનાં અજવાળાં પાથરી રહ્યાં છે.

દિલોની સરહદ પર અસરકારક રીતે ભજવાતું આ નાટક આગામી વિશ્વ રંગભૂમિ દિવસ નિમિત્તે પગરણ માંડવા જઈ રહ્યું છે ત્યારે તેને આવકારવા અને તેના માધ્યમથી તેના માધ્યમથી દુનિયાભરમાં પોતાના દેશનું રક્ષણ કરતા સૈનિકોને દિલથી સલામી આપવા માટે રંગબહાર કલ્ચરલ ફાઉન્ડેશન વતી નિર્માતા રાજેન્દ્ર ભગતે સૌ નાટ્યપ્રેમીઓને આ નાટક માણવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

## ચીનુભાઈને...

કહો, ચીનુભાઈ, કેમ ઉઠીને ચાલી નીકળ્યા ?
ઈર્શાદગઢના કયા મીનારા જલ્દી પીગળ્યા ?
કાલ સવારે હજી શેખજી મળ્યા હતા ને !
શનિસભામાં શબ્દો સાથે, મિત્રો સાથે,
વાતવાતમાં કાવ્યતત્ત્વને કળ્યા હતા ને !
આજ અચાનક પડદો પાડી, સ્ક્રીપ્ટ અધૂરી પડતી મૂકી
કહો, શેખજી, કઈ તરફ ઍક્ઝીટ શોધશો ?
અમે તમારા નાટકવાળા,
ગઝલ નામની શેરીવાળા,
છોકરડા ને વૃધ્ધ મઝાના,
અમે તમારી નાયિકાના શબ્દોની વીંટી પહેરીને,
ઊભા રહેલા શકુન્તલાની ઝુલ્ફોવાળા...
આમ અચાનક, વાત અધૂરી મૂકી, કાકા
ચાલ્યા છો, તો સરનામું તો દેવું’તું ને !
દેવું’તું ને નૈષદરાયનું નાટક જૂનું
કે દેવું’તું કો દમયંતીનું જૂનું માદળીયું.
અમે શોધશું તમને કાલે નવી ગઝલમાં,
તલવારો કો તાણે ત્યારે,
કાળમીંઢ અંધાર અહીં અથડાશે ત્યારે,
શું અંદર, શું બહાર, અમે તો સઘળે મળશું,
નાટકના બે અંકો વચ્ચે,
નવી કવિતાની પરસાળે,
ઈર્શાદગઢની ડેલી ઉપર,
શોધી કાઢી કરવો છે એક જલસો જલદી,
સન્નાટામાંથી શહેર બનાવી મળશું જલદી...

- ભાગ્યેશ જહા

## સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા દ્વારા રવિવારે સે. ૬ પ્રાથમિક શાળામાં રસોઈ શો યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા દ્વારા આગામી તા. ૨૬ માર્ચ ને રવિવારે બપોરે ૩થી ૬ દરમિયાન સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૬ ખાતે એક રસોઈ શોનું આયોજન કરવામાં આવ્યું છે. કૂકિંગ નિષ્ણાત અને સંદેશ ખાના-ખજાના કાર્યક્રમના વિજેતા ગીતાબેન ખુમાણ દ્વારા વાનગી બનાવવાની સરળ રીત આ કાર્યક્રમ અંતર્ગત શીખવવામાં આવશે.

બહેનો માટે આ કાર્યક્રમ નિ:શુલ્કપણે આયોજિત કરવામાં આવ્યો છે. રસ ધરાવતાં બહેનોને તેનો લાભ લેવા સંસ્થા તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## વાચકોને આમંત્રણ
### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**‘મારું માયાળુ મોસાળ’**